# સમય જતાં તમારા SIPને વધુ શક્તિશાળી કેવી રીતે બનાવવી

વેલ્થ ક્રિએશન

ઘણા લોકો માટે, SIP એવી વસ્તુ બની જાય છે જેના વિશે તેઓ તેને સેટ કર્યા પછી ભાગ્યે જ વિચારે છે. દર મહિને રકમ કાપવામાં આવે છે, બજારો પૃષ્ઠભૂમિમાં ઉપર-નીચે ફરે છે અને રોકાણ વર્ષો સુધી શાંતિથી ચાલુ રહે છે. પરંતુ સરેરાશ SIP ને ખરેખર શક્તિશાળી લાંબા ગાળાના પોર્ટફોલિયોથી અલગ પાડતી બાબત સામાન્ય રીતે નસીબ કે સ્ટોક-પિકિંગ નથી, પરંતુ વર્તન છે. સમય જતાં સતત લેવામાં આવેલા થોડા નાના નિર્ણયો અંતિમ પરિણામને નાટકીય રીતે બદલી શકે છે. સંપૂર્ણપણે તૈયાર લાગે તે પહેલાં જ શરૂઆત કરો. SIPs સાથે લોકો જે સૌથી મોટી ભૂલ કરે છે તેમાંની એક એ છે કે તેઓ શરૂઆત કરવા માટે આર્થિક રીતે પૂરતી આરામદાયક ન લાગે ત્યાં સુધી રાહ જોવી.

ઘણા લોકો રોકાણ કરવામાં વિલંબ કરે છે કારણ કે માસિક રૂ. 2,000 કે રૂ. 5,000 ખૂબ નાના લાગે છે. પરંતુ SIP રોકાણમાં, શરૂઆતના વર્ષો મોટાભાગના લોકો સમજે છે તેના કરતાં વધુ મહત્વપૂર્ણ છે કારણ કે તે ચક્રવૃદ્ધિને ગતિ બનાવવા માટે વધુ સમય આપે છે. ૨૫ વર્ષની ઉંમરે નાની શરૂઆત કરનાર વ્યક્તિ ૩૫ વર્ષની ઉંમરે મોટી રકમનું રોકાણ કરનાર વ્યક્તિ કરતાં ઘણી વાર મજબૂત સ્થિતિમાં પહોંચે છે. એટલા માટે નહીં કે વળતર અલગ હોય છે, પરંતુ એટલા માટે કે પૈસાને વધવા માટે વધુ વર્ષો બાકી હતા. રોકાણના શરૂઆતના થોડા વર્ષો સામાન્ય રીતે ધીમા અને પ્રભાવશાળી ન લાગે છે. વાસ્તવિક વેગ ઘણા મોડેથી આવે છે.

**જ્યારે પણ તમારી આવક વધે ત્યારે SIP વધારો**

ઘણા રોકાણકારો દર વર્ષે તેમની જીવનશૈલીમાં વધારો કરે છે પરંતુ તેમના રોકાણમાં વધારો કરવાનું ભૂલી જાય છે. પગાર વધે છે. ખર્ચ વધે છે. સબ્સ્ક્રિપ્શન્સ વધે છે. પરંતુ પાંચ વર્ષ પહેલાં શરૂ થયેલી SIP બિલકુલ એવી જ રહે છે. આ તે જગ્યા છે જ્યાં સ્ટેપ-અપ SIP શાંતિથી મોટો ફરક લાવે છે. દર વર્ષે SIP માં થોડી રકમ વધારવાથી પણ 15 કે 20 વર્ષમાં અંતિમ ભંડોળ સંપૂર્ણપણે બદલાઈ શકે છે. 5,000 રૂપિયાની SIP જે સમય જતાં 6,000 રૂપિયા અને પછી 7,000 રૂપિયા બને છે, તે ઘણીવાર લોકોની શરૂઆતમાં અપેક્ષા કરતા ઘણી વધારે સંપત્તિનું સર્જન કરે છે. મોટાભાગના રોકાણકારો અચાનક રાતોરાત મોટી રકમનું રોકાણ કરવાનું શરૂ કરતા નથી. સામાન્ય રીતે સંપત્તિનું નિર્માણ થાય છે કારણ કે આવકની સાથે યોગદાન ધીમે ધીમે વધે છે.

**ઝડપથી સંપત્તિ કેવી રીતે વધારવી એ તમામ રોકાણકારો વિચારે જ છે, SIP દ્વારા લાંબા ગાળાની સંપત્તિનું સર્જન ઘણીવાર બજારના સમય પર ઓછું અને રોકાણકારો વર્ષો સુધી વળગી રહેતી નાની આદતો પર વધુ આધાર રાખે છે**

બજારમાં ઘટાડો અસ્વસ્થતાપૂર્ણ છે, પરંતુ ઘણીવાર ઉપયોગી છે

રોકાણકારો જે સમયગાળામાં સૌથી વધુ ગભરાટ અનુભવે છે તે સમયગાળામાં SIP શ્રેષ્ઠ રીતે કામ કરે છે. જ્યારે બજારોમાં તીવ્ર ઘટાડો થાય છે, ત્યારે લોકો સ્વાભાવિક રીતે જ પ્રશ્ન કરવા લાગે છે કે શું તેમણે રોકાણ રોકવું જોઈએ અને "સ્થિરતાની રાહ જોવી જોઈએ". પરંતુ નીચા બજારોનો અર્થ એ છે કે સમાન SIP રકમ વધુ યુનિટ્સ ખરીદે છે.



હાલમાં તે રોમાંચક લાગતું નથી કારણ કે પોર્ટફોલિયો થોડા સમય માટે નાના દેખાઈ શકે છે. પરંતુ સમય જતાં, કરેક્શન દરમિયાન ખરીદેલા વધારાના યુનિટ્સ ઘણીવાર રિકવરી દરમિયાન નોંધપાત્ર યોગદાન આપે છે. અનુભવી રોકાણકારો સામાન્ય રીતે થોડા બજાર ચક્રમાંથી પસાર થયા પછી જ આ સમજે છે. જ્યારે બીજા બધા અનિશ્ચિતતા અનુભવે છે ત્યારે રોકાણ કરવાનું ચાલુ રાખવાથી મોટાભાગે લાંબા ગાળાના ફાયદા થાય છે.

**ટૂંકા ગાળાના વળતર સતત તપાસવાનું બંધ કરો**

ઘણા SIP રોકાણકારો હતાશ થવાનું એક કારણ એ છે કે તેઓ ટૂંકા ગાળાના રોકાણ સમયગાળામાંથી લાંબા ગાળાના પરિણામોની અપેક્ષા રાખે છે. ઇક્વિટી બજારો મહિનાઓ સુધી અસ્થિર અથવા સ્થિર રહી શકે છે. ક્યારેક વર્ષો સુધી પણ. દર થોડા અઠવાડિયે SIP કામગીરી પર નજર નાખવાથી સામાન્ય રીતે સ્પષ્ટતાને બદલે ચિંતા થાય છે. SIPs ઝડપી વળતર આપતી પ્રોડક્ટ્સ તરીકે વર્તવા માટે રચાયેલ નથી. તે એવા લક્ષ્યો માટે વધુ સારી રીતે કાર્ય કરે છે જે બજારની અસ્થિરતાને શોષી શકે છે - નિવૃત્તિ, નાણાકીય સ્વતંત્રતા, બાળકોનું શિક્ષણ અથવા લાંબા ગાળાની સંપત્તિનું સર્જન. ટૂંકા ગાળાના વળતર પર સતત નજર રાખતા રોકાણકારો ઘણીવાર ભાવનાત્મક રીતે પ્રતિક્રિયા આપે છે અને પ્રક્રિયાને અધવચ્ચે જ અટકાવે છે.

**ઉત્તેજના કરતાં શિસ્ત વધુ મહત્વની છે**

સૌથી સફળ SIP રોકાણકારો ઘણીવાર એવા નથી હોતા જેઓ દર થોડા મહિને સૌથી વધુ વળતર મેળવવાનો પ્રયાસ કરતા હોય છે. તેઓ સામાન્ય રીતે એવા લોકો હોય છે જેઓ ફક્ત સુસંગત રહ્યા છે. બજારના કડાકા દરમિયાન, અનિશ્ચિત સમાચાર ચક્ર દરમિયાન અને રોકાણ કંટાળાજનક અથવા અર્થહીન લાગતું હોય તેવા સમયગાળા દરમિયાન તેઓએ રોકાણ કરવાનું ચાલુ રાખ્યું. તેમણે ધીમે ધીમે યોગદાન વધાર્યું અને મોટાભાગનું ભારે ઉપાડ કરવા માટે સમય આપ્યો. SIP વિશે ઘણા લોકો આ બાબતને ઓછી આંકે છે. મ્યુચ્યુઅલ ફંડ દ્વારા સંપત્તિનું સર્જન ઘણીવાર ખૂબ જ સામાન્ય લાગે છે જ્યારે તે થઈ રહ્યું હોય છે. વાસ્તવિક તફાવત વર્ષો પછી જ દેખાય છે.

# યુએસ-ઈરાન વચ્ચે શાંતિ ડીલ વચ્ચે ઈઝરાયલની વિલનગીરી મુશ્કેલી વધારશે

ગત ફેબ્રુઆરી મહિનાથી ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, જે લાંબા સમયથી યુદ્ધ વિરામ થઈ રહ્યો હતો, પણ તે ટકતો નહતો અને ફરીથી તણાવ વધી જતો હતો. જોકે, સપ્તાહની શરૂઆતમાં ઈરાન અને અમેરિકા વચ્ચે શાંતિ કરાર થયો છે, જેમાં મોટા ભાગની એકબીજાની શરતો સ્વીકારાઈ ગઈ છે, તે સમયે ઈઝરાયેલ આડુ ફાટયું હોય તેવું લાગી રહ્યું છે, કેમ કે એક બાજું અમેરિકા અને ઈરાન વચ્ચે કરાર થઈ રહ્યા છે, ત્યારે ઈઝરાયેલ લેબનોન પર હુમલા ફરીથી શરૂ કરી દીધા છે.

એવું લાગી રહ્યું છે કે, ઈરાન સાથે અમેરિકા શાંતિ કરાર કરવા ઈચ્છી રહ્યું છે, પણ ઈઝરાયેલ રોડા નાંખી રહ્યું છે, તે ઈરાનને નષ્ટ કરવા માગે છે, તેથી આ કરાર ન થાય તેવા પ્રયાસો કરી રહ્યું છે. સૌથી મહત્વની બાબત એ છે કે, જો આ કરાર ન થાય તો ફરીથી હોર્મુઝ ખાડી ખોરંભાઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકે છે અને ફરી એકવાર ક્રુડના ભાવ નીચેથી ઉંચકાઈ જાય અને 100 ડોલરની સાપટીએ પહોંચે તો નવાઈ નહીં.

ઓફ-બીટ

ઈઝરાયેલે શુક્રવારે લેબેનોન પર હુમલા વધુ તીવ્ર બનાવ્યા છે. આ પછી અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા શાંતિ કરાર પર સવાલો ઉઠવા લાગ્યા છે. કારણ કે આ સોદામાં એવો સમાવેશ થાય છે કે ઈઝરાયલ લેબેનોન પર હુમલો કરશે નહીં. આ હુમલા બાદ ઈરાને પણ ઈઝરાયલ પર કાર્યવાહી શરૂ કરી દીધી છે. પરંતુ આ સ્થિતિમાં ફરીથી સવાલ ઉભો થઈ રહ્યો છે કે શું મીડલ ઈસ્ટમાં શાંતિ માટે ઈરાન-યુએસ સોદો તૂટશે?



**ઈઝરાયેલ લેબનોન પર હુમલા નહીં રોકે તો ફરીથી ક્રુડના ભાવ ઉછળવાનો ભય રહેશે**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ કહ્યું હતું કે તેઓ ઈઝરાયલને સંમત થવા માટે રાજી કરશે. તેમણે ઈરાન સાથેના કરારમાં એવી શરત પણ શામેલ કરી હતી કે લેબેનોન પર કોઈ નવા હુમલા નહીં થાય. જોકે, ઈઝરાયલ શરૂઆતથી જ કહી રહ્યું છે કે તે આ કરારમાં સામેલ નથી. તાજેતરમાં ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ દ્વારા લખ્યું હતું કે અમે સંપૂર્ણ યુદ્ધવિરામ ઈચ્છીએ છીએ. જેમાં લેબેનોન, હિઝબુલ્લાહ અને ઈઝરાયલનો પણ સમાવેશ થાય છે.

જો ઈઝરાયલ હુમલો કરવાનું ચાલુ રાખે છે, તો ઈરાન તાજેતરના શાંતિ કરારને રદ કરી શકે છે. ઈરાની મીડિયા દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે ઈરાને સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા સાથેની વાતચીતમાં જોડાવાનો ઈન્કાર કરી દીધો છે. ઈરાની મીડિયા દ્વારા એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ઈઝરાયલ શાંતિ કરારની શરતો તોડી રહ્યું છે, જેના કારણે તણાવ વધુ વધી શકે છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થવા લાગ્યો હતો. શુક્રવાર સવાર સુધી આ ઘટાડો ચાલુ રહ્યો હતો. જોકે,આજે પણ ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો ચાલુ રહેવા પામ્યો હતો, પરંતુ લેબનોન પર ઈઝરાયલના નવા હુમલા બાદ ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થવા લાગ્યો છે. ડબ્લ્યુટીઆઈ ક્રૂડની કિંમત 77 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે અને બ્રેન્ટ ક્રૂડની કિંમત લગભગ 80 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે. જો

ઈઝરાયલ આ હુમલા બંધ નહીં કરે તો ફરી એકવાર આ તણાવ વધશે, જેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે. જે વિશ્વની અર્થવ્યવસ્થા માટે મોટો ફટકો નહીં હોય.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ યુદ્ધ વિરામ બાદ પણ તમામ વસ્તુઓને નોર્મલ થવા માટે લાંબો સમય નીકળી જશે.

એક અંદાજે ચારથી પાંચ મહિના સુધી આ વ્યવસ્થા સામાન્ય થઈ શકે છે. ત્યાં સુધી પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધઘટ ચાલુ રહેવાની સંભાવના છે. પણ સૌથી મોટી સમસ્યા ઈઝરાયેલ છે, જો તે હુમલા ચાલુ રાખશે તો પરિસ્થિતિ ફરીથી બગડી શકે છે. એવું લાગી રહ્યું છે કે, હવે વિશ્વનો ફોજદાર બનેલા ડોનાલ્ડ ટ્રમ્પને કોઈ સાંભળવા તૈયાર નથી અને તેનું વજુદ ભુંસાઈ રહ્યું છે.

# હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી બંધ થયું, ચોમાસુ નબળું થવાની ભીતિ શેરબજારમાં દબાણ લાવશે

વિશ્વને સતત અનિશ્ચિતતા, અસ્થિરતામાં ગરકાવ રાખનાર ટ્રમ્પે ઈરાન સાથે શાંતિ કરાર કરી રહ્યા હતા, પણ ઈઝરાયેલ આડુ ફાટ્યું. જેના લીધે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટને બંધ કરી દેવાની જાહેરાત કરવી પડી છે. ઈઝરાયેલના લેબનોન પર હુમલા વધારી દીધા હતા. જેનાથી ઈરાન-અમેરિકા વચ્ચે કરાર અટકી ગયું છે. જેથી જે ગત સપ્તાહમાં આ કરારના કારણે તેજીનો પવન ફુંકાયો હતો. જે હવે ચાલુ રહે તે અંગે પ્રશ્ન ઉભો થયો છે. હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી બંધ થવાના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં ફરીથી ઉછાળો આવી શકે, તેની અસર ફરીથી શેરબજાર ઉપર જોવા મળશે.

બીજી તરફ, ચોમાસુ ધીમુ પડી રહ્યું છે, ચોમાસુ ધીમુ અને મોડુ ચાલી રહ્યું છે, હવે જુલાઈમાં વરસાદ ઉપર મદાર રહેશે. અલનીનોના કારણે 40 ટકા નબળા ચોમાસાથી થઈ રહેલી આગાહીએ અન્ન મોંગવારીમાં ધરખમ વધારો થવાની ચિંતા ઉપજાવી છે. જેથી કપરા કાળને જોતાં હાલ તુરત સેરોમાં ઉછાળે સાવચેતી અત્યંત જરૂરી છે. વિશ્વ અત્યારે

માર્કેટ વોચ

અસાધારણ અનિશ્ચિતતા સાથે પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહ્યું છે. આઈટી ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અનેક ઉદ્યોગો માટે પડકાર બન્યું છે. એઆઈના કારણે અને પશ્ચિમ એશિયાની યુદ્ધની



શેરોમાં જે પ્રકારે કડાકો બોલાયો છે એ સારા સંકેત નથી. વિદેશી ફંડોની શેરમાં હાલ તુરત ધીમી પડતી જોવાઈ રહી છે, પરંતુ વૈશ્વિક મોરચે ઈરાન-અમેરિકાના કરારમાં ભંગ પડી ગયો છે, ત્યારે ક્રુડના ભાવ ફરીથી ઉછળશે. આમ, નબળા ચોમાસાની સાથે ક્રુડ ઓઈલના ભાવ ઉછળશે તો ફરીથી મોંઘવારી દર વધશે, જેની શેરબજાર ઉપર સીધી અસર જોવા મળશે. જેના લીધે ફરીથી એફઆઈઆઈની લેવાલી અટકી જવાની પણ સંભાવના છે. હાલમાં શેરબજારમાં ડોમેસ્ટીક ફંડોના જોરે ટકેલું જોવા મળી રહ્યું છે, પણ

**અલનીનોની અસરથી ચોમાસુ કેવું રહે છે, તેની ઉપર બજારની નજર રહેશે**

આવનારો સમય વધુ કપરો લાગી રહ્યો હોવાથી આ તેજી ગમે ત્યારે ધડામ થઈ શકે છે, જેથી રોકાણકારોએ નફાવસુલી કરતા રહેવું જોઈએ અને જો રોકાણ ચાલુ રાખવું હોય તો મુડી કાઢી લેવી જોઈએ અને નફો બજારમાં રાખે, જેથી નુકશાન થાય તો મુડીનું ન થાય. શેરબજારમાં આવનારો તબક્કો વધુ ખરાબ રહેનારો છે, જેમાં વૈશ્વિક ભૌગોલિક તણાવ ચાલુ રહેશે, કેમકે હાલના તબક્કે કોઈ નક્કર પરિણામ દેખાતું નથી. જેથી રોકાણકારોએ સાવચેતી રાખવી ખુબજ જરૂરી છે. દિવાળી સુધી પરિસ્થિતિ ઉપર નજર રાખવી.

આ સિવાય પ્રાયમરી બજારમાં પણ મેગા ઈશ્યુ આવી રહ્યા છે, જે અંદાજે રૂ. 70000 કરોડના આઈપીઓ છે, તેનાથી સેકેન્ડરી બજારમાં પણ અસર વર્તાશે અને નાણાં ખેંચાઈ જશે અને આઈપીઓમાં ભરાશે. આમ, સેકેન્ડરી બજારમાંથી નાણા ઉલેચાય તેવી સ્થિતિ દેખાઈ રહી છે.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સમાં 1300 પોઈન્ટથી વધુનો ઉછાળો જોવાયો હતો, જ્યારે નિફ્ટી 24000ની ઉપર ચાલી રહી છે, પરંતુ હજુય શેરબજારમાં અવરોધ દેખાઈ રહ્યા છે. જે ચિંતાનો વિષય છે. આ ઉપરાંત, ગત સપ્તાહમાં માર્કેટ કેપમાં ટોપ 10માંથી 9 કંપનીઓની માર્કેટ કેપમાં રૂ. 2.15 લાખ કરોડનો વધારો થયો છે. જેમાં ભારતી એરટેલમાં સૌથી વધુ માર્કેટ કેપ ઉછળી છે. ત્યારબાદ એલઆઈસી, બજાજ ફાઈ., રિલાયન્સ, લાર્સન-ટુબ્રો, સ્ટેટ બેન્ક, એચડીએફસી બેન્ક, એચયુએલ અને આઈસીઆઈસીઆઈ બેન્કનો સમાવેશ થાય છે. બીજી તરફ, એક્સેન્ચરના નબળા ગાઈડન્સ બાદ ભારતીય આઈટી કંપનીઓમાં કડાકો બોલાઈ જતાં ટીસીએસની માર્કેટ કેપમાં ઘટાડો જોવાયો છે.

# સોનાની અછત અને વધતી કિંમતોના કારણે ઝવેરી ઉદ્યોગ પર સંકટ

ભારતના જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ માટે ચાલુ વર્ષના પ્રથમ બે મહિના મિશ્ર પરિણામો લઈને આવ્યા છે. દેશની કુલ જેમ્સ એન્ડ જ્વેલરી નિકાસ એપ્રિલ-મે 2026 દરમિયાન 4.27 અબજ અમેરિકી ડોલર (રૂ. 40,398.97 કરોડ) રહી છે, જે ગયા વર્ષના સમાન ગાળાના 4.55 અબજ ડોલરની સરખામણીએ ડોલર મૂલ્યમાં 6.03 ટકાનો ઘટાડો દર્શાવે છે. જોકે રૂપિયાના મૂલ્યમાં ગણતરી કરવામાં આવે તો નિકાસમાં 3.99 ટકાનો વધારો નોંધાયો છે.

જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) એ જણાવ્યું છે કે સમગ્ર ક્ષેત્રમાં સૌથી વધુ અસર સાદા સોનાના દાગીનાની નિકાસ પર પડી છે. સોનાના ભાવમાં ઐતિહાસિક વધારો, નિકાસ માટે જરૂરી સોનાની મર્યાદિત ઉપલબ્ધતા અને બેન્કિંગ ચેનલો મારફતે સોનાના પુરવઠામાં સર્જાયેલા નિયમનકારી અવરોધોને કારણે ઉદ્યોગ ગંભીર પડકારોનો સામનો કરી રહ્યો છે.

સાદા સોનાના દાગીનાની નિકાસમાં 40 ટકાથી વધુનો કડાકો નોંધાયો છે.આંકડાઓ મુજબ એપ્રિલ-મે 2026 દરમિયાન પ્લેઇન ગોલ્ડ જ્વેલરીની નિકાસ માત્ર 635.95 મિલિયન ડોલર રહી હતી, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં તે 1.06 અબજ ડોલર હતી. એટલે કે 40.11 ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે. રૂપિયાના મૂલ્યમાં પણ આ કેટેગરીની નિકાસમાં 33.81 ટકાનો ઘટાડો થયો છે.

ઉદ્યોગ નિષ્ણાતોના મતે સોનાના વધતા ભાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ પર અસર પડી છે. સાથે સાથે નિકાસકારોને ઉત્પાદન માટે જરૂરી સોનું સમયસર અને પૂરતી માત્રામાં ઉપલબ્ધ ન થતાં ઓર્ડરો પૂર્ણ કરવામાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે.

જીજેઈપીસીના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે સોનાની આયાતમાં આવેલી કડકાઈને કારણે નિકાસ માટેના ઉત્પાદન પર સીધી અસર પડી છે. આ મુદ્દો કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે અને ઉદ્યોગને આશા છે કે સરકાર તરફથી હકારાત્મક ઉકેલ મળશે.

નિકાસ માટેના સોનાના વપરાશમાં 21 ટકાનો ઘટાડો

સોનાની ઉપલબ્ધતાની સમસ્યાનો સૌથી મોટો પુરાવો નિકાસ ઉત્પાદન માટે વપરાતા સોનાના જથ્થામાં જોવા મળે છે. એપ્રિલ-મે 2026 દરમિયાન નિકાસ માટે અંદાજે 11 ટન સોનાનો ઉપયોગ થયો હતો, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં આશરે 14 ટન સોનાનો ઉપયોગ થયો હતો. આ રીતે લગભગ 21.4 ટકાનો ઘટાડો નોંધાયો છે.

જીજેઈપીસીએ જણાવ્યું છે કે વડાપ્રધાનના દેશહિતમાં સોનાની આયાત નિયંત્રિત રાખવાના આહ્વાનને ઉદ્યોગે સંપૂર્ણ સમર્થન આપ્યું છે. પરંતુ સાથે સાથે નિકાસ માટે જરૂરી સોનાની પૂરતી ઉપલબ્ધતા જળવાઈ રહે તે પણ એટલું જ જરૂરી છે, કારણ કે જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ દેશ માટે મહત્વપૂર્ણ વિદેશી ચલણ કમાવતો ક્ષેત્ર છે.

સોનાના ભાવમાં 45 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે.ઉદ્યોગ સામેનું બીજું મોટું પડકાર સોનાના ભાવમાં થયેલો અસાધારણ વધારો છે. એપ્રિલ-મે 2026 દરમિયાન સોનાની સરેરાશ કિંમત 4,723.88 ડોલર પ્રતિ ટ્રોય ઔંસ સુધી પહોંચી હતી, જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં તે 3,242.48 ડોલર પ્રતિ ટ્રોય ઔંસ હતી. એટલે કે એક વર્ષમાં સોનાના ભાવમાં 45.69 ટકાનો વધારો નોંધાયો છે.

**એપ્રિલ-મે 2026 દરમિયાન ભારતની જેમ્સ એન્ડ જ્વેલરી નિકાસ 4.27 અબજ ડોલરે પહોંચી, જીજેઈપીસીએ કેન્દ્ર સરકાર સમક્ષ ઉઠાવ્યા ગંભીર પ્રશ્નો**

આ ભાવવધારાની સીધી અસર દાગીના ઉત્પાદકો અને નિકાસકારો પર પડી રહી છે. ઉત્પાદન ખર્ચ વધવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા પર પણ અસર થઈ રહી છે.



આયાત જકાતમાં વધારો પણ ઉદ્યોગ માટે માથાનો દુખાવો

જીએજેઈપીસીએ વધુમાં જણાવ્યું છે કે સોનાની આયાત પરની ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરવામાં આવતા સોનાની લેન્ડેડ કોસ્ટમાં ભારે વધારો થયો છે. બીજી તરફ ડ્યુટી ડ્રોબેકના દરોમાં તે પ્રમાણે વધારો કરવામાં આવ્યો નથી. પરિણામે નિકાસકારો પર

બિઝનેસ વ્યૂ

વધારાના ખર્ચનો બોજો આવી રહ્યો છે અને તેમના નફાના માર્જિનમાં ઘટાડો થઈ રહ્યો છે.

ઉદ્યોગ હાલમાં પ્રવાહિતાની અછત અને કાચા માલની ઉપલબ્ધતાના ગંભીર સંકટમાંથી પસાર થઈ રહ્યો છે.

જ્યાં એક તરફ સાદા સોનાના દાગીનાની નિકાસ ઘટી છે, ત્યાં સ્ટડેડ ગોલ્ડ જ્વેલરી ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. એપ્રિલ-મે 2026 દરમિયાન સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીની નિકાસ 6.71 ટકા વધીને 964.02 મિલિયન ડોલર સુધી પહોંચી હતી. ગયા વર્ષે આ આંકડો 903.37 મિલિયન ડોલર હતો.

કિરીટ ભણસાલીના જણાવ્યા અનુસાર ભારત દ્વારા વિવિધ દેશો સાથે કરવામાં આવેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ (FTAs)ના કારણે આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતીય દાગીનાઓને વધુ સારી પહોંચ મળી રહી છે. આ કરારો ભારતીય નિકાસકારોની સ્પર્ધાત્મકતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

ઓમાન સાથેના CEPAથી નવી તકો

જીએજેઈપીસીએ ભારત-ઓમાન CEPA હેઠળ શરૂ થયેલી જ્વેલરી નિકાસનું સ્વાગત કર્યું છે. ઓમાન સાદા સોનાના દાગીનાઓ માટે મહત્વપૂર્ણ બજાર હોવાથી આ કરાર ભારતીય નિકાસકારો માટે નવી તકો ઊભી કરશે અને નિકાસ વૃદ્ધિને વેગ આપશે.

સાથે સાથે અમેરિકા સાથે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) અને કેનેડા સાથેના સંભવિત વેપાર કરારો અંગે પણ કાઉન્સિલે આશાવાદ વ્યક્ત કર્યો છે. આવા કરારો નવા બજારો ઊભા કરવામાં અને નિકાસમાં વૈવિધ્ય લાવવામાં મદદરૂપ બનશે.

હીરા ઉદ્યોગ અંગે કિરીટ ભણસાલીએ જણાવ્યું કે હીરાની નિકાસ હાલમાં સ્થિર છે, પરંતુ વૈશ્વિક સ્પર્ધા સતત વધી રહી છે. ભારત વિશ્વનું સૌથી મોટું ડાયમંડ મેન્યુફેક્ચરિંગ કેન્દ્ર હોવા છતાં રફ ડાયમંડ ટ્રેડિંગનો મોટો હિસ્સો હજુ બેલ્જિયમ અને યુએઈ જેવા કેન્દ્રો મારફતે થાય છે. યોગ્ય નીતિગત ટેકો મળે તો ભારત વૈશ્વિક ડાયમંડ ટ્રેડિંગ હબ તરીકે પણ ઉભરી શકે છે.

એપ્રિલ-મે 2026 દરમિયાન કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડની નિકાસ 9.06 ટકા ઘટીને 1.87 અબજ ડોલર રહી હતી. બીજી તરફ પોલિશ્ડ લેબ ગ્રોન ડાયમંડની નિકાસમાં 1.98 ટકાનો વધારો નોંધાયો હતો.

સિલ્વર અને પ્લેટિનમ જ્વેલરીએ જોરદાર વૃદ્ધિ દેખાડી છે.જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં સૌથી વધુ તેજી સિલ્વર જ્વેલરીમાં જોવા મળી હતી. સિલ્વર જ્વેલરીની નિકાસ 172.53 ટકા વધીને 365.77 મિલિયન ડોલર સુધી પહોંચી હતી. પ્લેટિનમ જ્વેલરીની નિકાસમાં પણ 24.97 ટકાનો વધારો નોંધાયો હતો અને તે 41.22 મિલિયન ડોલર સુધી પહોંચી હતી. જ્યારે કલર્ડ જેમસ્ટોનની નિકાસમાં 10.04 ટકાનો ઘટાડો નોંધાયો હતો. સરકારી હસ્તક્ષેપથી ઉદ્યોગને રાહતની આશા છે.જીજેઈપીસીએ કેન્દ્ર સરકારને સોનાની ઉપલબ્ધતા, બેન્કિંગ ચેનલો મારફતે પુરવઠાની સમસ્યા, ડ્યુટી ડ્રોબેકમાં વધારો અને નિકાસકારોને પ્રવાહિતા પૂરી પાડવા માટે તાત્કાલિક પગલાં ભરવાની અપીલ કરી છે. ઉદ્યોગને વિશ્વાસ છે કે સરકાર સમયસર હસ્તક્ષેપ કરશે તો ભારતનો જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્ર ફરીથી ઝડપી વૃદ્ધિના માર્ગે આગળ વધી શકશે. હાલ માટે સોનાના વધતા ભાવ અને કાચા માલની અછત ઉદ્યોગ માટે સૌથી મોટો પડકાર બની રહ્યા છે, જ્યારે નવા વેપાર કરારો અને વધતી વૈશ્વિક માંગ ભવિષ્ય માટે આશાનું કિરણ સાબિત થઈ રહ્યા છે.